NAVSARI AGRICULTURAL UNIVERSITY

# નવસારી કૃષિ યુનિવર્સિટી

નવસારી–૩૯૬ ૪૫૦.

વંચાણમાં લીધા:–

૧: હિસાબી અધિકારી વ હિસાબ નિયામકશ્રી, નકૃયુ,નવસારીની કચેરીનાં પરિપત્ર ક્રમાંક:નકૃયુ/કોમ્પ્ટ/કંન્ટ્રોલ/૧૨૨૫૬–૩૦૫ / ૨૦૧૨ તા. ૨૨.૧૦.૨૦૧૨.

૨: અત્રેની કચેરીનાં પરિપત્ર ક્રમાંક: નકૃયુ/વવહિઅધિ/બી.૩/૪૬૧૭–૬૭/૨૦૧૨ તા. ૨૩.૧૧.૨૦૧૨.

## પ રિ પ ત્ર

**ખુબ જ જરૂરી**

આથી નવસારી કૃષિ યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ યુનિટ કચેરીનાં વડાઓને તેમજ ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીઓને જણાવવાનું કે, વંચાણમાં લીધેલ પરિપત્ર–૧ તેમજ પરિપત્ર–૨ અનુસાર તા. ૧.૧૨.૨૦૧૨ થી નવસારી કૃષિ યુનિવર્સિટીનાં તમામ નાણાકીય હિસાબો ઓનલાઈન કરવામાં આવેલ છે. તે મુજબ તા.૧.૧૨.૨૦૧૨ થી તમામ પ્રકારનાં બીલો ઓનલાઈન એપ્રુવલ આપી પાર્સીગ કરવામાં આવે છે. પરિપત્રમાં જણાવ્યા અનુસાર અગાઉનાં માસનાં એપ્રિલ–૧૨ થી નવેમ્બર–૧૨ સુધીની આપની કચેરી ધ્વારા ઓનલાઈન કરવામાં આવેલ પગારભથ્થા, રીકરીંગ,નોનરીકરીંગ તેમજ વર્કસ અંગેની ખર્ચની એન્ટ્રીઓને અત્રેથી ઓનલાઈન એપ્રુવલ આપી જે તે માસમાં વાઉચર્સ નંબર , તારીખથી આપની કચેરીનાં જે તે યોજનાકીય હેડે ખર્ચનો હવાલો નાંખી દેવામાં આવેલ છે. તે જ રીતે અત્રેની કચેરીએથી સને ૨૦૧૨–૧૩ ની નાણાકીય વર્ષની આવકની એન્ટ્રીઓ પણ અત્રેનાં હિસાબી રેકર્ડ પ્રમાણે ઓનલાઈન એપ્રુવલ આપી દેવામાં આવેલ છે. જેથી ઓનલાઈન પ્રોગ્રામમાં રીપોર્ટ નંબર–૦૯ YEARLY EXPENDITURE BROADSHEET તેમજ રીપોર્ટ નંબર–૧૦ YEARLY RECEIPT BROADSHEET માં એન.એ.યુ. ફંડ એકાઉન્ટ તેમજ એન.એ.યુ. રીવોલ્વીંગ ફંડ એકાઉન્ટનાં જે તે બજેટહેડ વાઈઝ માસિક ખર્ચની બ્રોડશીટમાં આપની કચેરી ધ્વારા રજુ કરવામાં આવેલ તમામ બીલોનો ખર્ચ પગારભથ્થા, રીકરીંગ, નોનરીકરીંગ, વર્કસ પ્રમાણે આવેલ હોવો જરૂરી છે. જેથી આપની કચેરીનાં હિસાબી રેકર્ડ અનુસાર એપ્રિલ–૧૨ થી ફેબ્રુઆરી–૧૩ સુધીનાં આપની કચેરીનાં જે તે બજેટ હેડ વાઈઝ માસવાર ખર્ચ / આવકનું મેળવણું પગારભથ્થા / રીકરીંગ / નોનરીકરીંગ / વર્કસ પ્રમાણે તા. ૧૮.૩.૨૦૧૩ સુધીમાં કરાવી અત્રેની કચેરીને જાણ કરવા વિનંતી છે. જેથી તે મુજબ અત્રેથી ઓનલાઈન હિસાબો અંગે યુનિવર્સિટીને જાણ કરી શકાય.

વધુમાં આપની કચેરીની અગાઉની કોઈ ખર્ચની એન્ટ્રી બાકી રહી ગયેલ હોય અને આપની કચેરીનાં બજેટ હેડે ખર્ચનો હવાલો નાંખવાનો બાકી રહી ગયેલ હોય તો રેકર્ડ આધારિત

પુરેપૂરી ચકાસણી કરાવી  તે પ્રમાણે રૂબરૂમાં  અત્રેની કચેરીમાં ઓનલાઈન એન્ટ્રી કરાવી વાઉચર્સ નંબર / તારીખ ઓનલાઈન એપ્રુવલ લેવાની રહેશે. તેમજ જો ઓનલાઈન હિસાબમાં કોઈ સુધારા વધારા કરાવવાનાં હોય તો તે પ્રમાણે સુધારા વધારા કરાવી લેવાનાં રહેશે. નવસારી કૃષિ યુનિવર્સિટીનાં હિસાબો ઓનલાઈન કરવામાં આવેલ આપની કચેરીનાં હિસાબી રેકર્ડ તેમજ યુનિવર્સિટી હિસાબો સાથે મેળવણાં થવા ખુબ જ જરૂરી હોય આ બાબતે પુરેપૂરી ચકાસણી કરાવી લેવા વિનંતી છે જેથી પાછળથી સને ૨૦૧૨–૧૩ ના નાણાકીય વર્ષનાં ઓનલાઈન હિસાબોને લગત કોઈ પ્રશ્ન ઉપસ્થિત થાય નહિ.

પ્રસ્તુત પરિપત્ર હિસાબી અધિકારી–વ–હિસાબ નિયામકશ્રીની મંજુરી મેળવીને બહાર પાડવામાં આવે છે. જેનો ચુસ્તણે અમલ કરવાનો રહેશે.

વહીવટી વ હિસાબી અધિકારી
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી.

જા.નં. નકૃયુ/વવહિઅધિ/બી.૩/ઓનલાઈનહિસાબ/ ૧૧૦૩–૧૧૫૨/૨૦૧૩
નવસારી. તારીખઃ– ૬.૩.૨૦૧૩

નકલ સવિનય રવાનાઃ

૧ઃ તમામ યુનિવર્સિટી અધિકારીશ્રીઓ તરફ
૨ઃ તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીઓશ્રીઓ તરફ જાણ તથા
૩ઃ તમામ ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીઓ તરફ જાણ તથા ઘટતુ થવા સારૂ.
૪ઃ હિસાબી અધિકારીશ્રી, સંશોધન વૈજ્ઞાનિકશ્રી(કપાસ)ની કચેરી, મુખ્ય કપાસ સંશોધન કેન્દ્ર, અઠવાલાઈન, સુરત તરફ જાણ તથા ઘટતુ થવા સારૂ.